# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 01-04-2025 Day: Tuesday Evening: 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ફટાકડાની ફેક્ટરીમાં આગ-૨૧ ના મોત:

**બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ફટાકડાની ફેક્ટરી અને ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળતાં 21 મજૂરનાં મોત નીપજ્યા હોવાના સમાચાર મળી રહ્યા છે. મૃતકોમાં ચારથી પાંચ કિશોરનો પણ સમાવેશ થાય છે. આ તમામ મૃતકો મધ્યપ્રદેશના રહેવાસી છે. મળતી વિગતો અનુસાર , આ મજૂરો બે દિવસ પહેલાં જ અહીં મજૂરીકામ માટે આવ્યા હતા અને ફટાકડા બનાવવાનું કામ કરતા હતા. આ દરમિયાન બ્લાસ્ટ થતાં તેમનાં મોત નીપજ્યાં છે.**

**પ્રાથમિક માહિતી મુજબ , ફટાકડા બનાવવાના દારૂગોળામાં પ્રચંડ વિસ્ફોટ થતાં આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે બાજુમાં આવેલું ગોડાઉન ધરાશાયી થતાં 200 મીટર દૂર સુધી કાટમાળ ફેલાયો હતો , જ્યારે મજૂરોનાં માનવઅંગો પણ દૂર-દૂર સુધી ફેંકાયાં હતા. ઘટનાની જાણ થતાં ડીસા નગરપાલિકાનાં ફાયર ફાઈટરો અને 108 એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં. SDRFની ટીમે પણ ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યૂની કામગીરી હાથ ધરી છે. FSLની ટીમ દ્વારા પણ વિસ્ફોટ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.**

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મૃતકોને 4 લાખ અને ઘાયલોને 50 હજારની સહાય આપવાની જાહેરાત કરી છે.**

---

# ભુજ નગરપાલિકા

ભુજ નગરપાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન શહેરીજનો પાસેથી 22 કરોડ 65 લાખ રૂપિયા વેરા પેટે વસુલ્યા છે.

નગરપાલિકા દ્વારા મિલકત માલિકો પાસેથી મિલકત વેરા, શિક્ષણ ઉપકર ઉપરાંત પાણી, ગટર, સફાઈ, રોડ લાઈટ સહિતના સેવા ચાર્જ પણ વસુલવામાં અ◌ાવે છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં 20 કરોડ 85 લાખની વસુલાત થઈ હતી.

-----------------------------------------------------------------------------------

# પડાણા નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર લાગેલી આગ પર કાબુ:

ગાંધીધામના પડાણા નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર લાગેલી ભીષણ આગ આખરે મોડી રાત્રે કાબૂમાં આવી હતી. લાકડાના ગોડાઉનમાં ગઈકાલે બપોરે લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં બે ખાનગી એકમો અને કસ્ટમ વિભાગના બોન્ડમાં રાખેલા વિદેશી લાકડાનો જથ્થો સળગી ગયો હતો. પ્રાથમિક અંદાજ મુજબ 25થી 30 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. જોકે, ફાયર વિભાગના જવાનોની સતર્કતાથી નજીકના પેટ્રોલ પંપને બચાવી લેવામાં આવ્યું હતું.

કંડલા પોર્ટ, ભચાઉ નગરપાલિકા અને બે ખાનગી કંપનીઓના ફાયર ફાઈટર્સે લાખો લીટર પાણીનો ઉપયોગ કરીને આગ પર કાબૂ મેળવ્યો હતો. હાલ સફાઈ અને સર્વેની કામગીરી શરુ કરી દેવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------

# બેટી બચાઓ, બેટી પઢાઓ:

રાજ્યમાં "બેટી બચાઓ બેટી પઢાઓ" યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી હેઠળ કચ્છમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જે અંતર્ગત અંજાર તાલુકાના માથક ખાતે શેરી રમત અને કિશોરીઓ માટે "મેડીકલ ચેકઅપ" કેમ્પ યોજાયો હતો. જ્યારે , ભુજ તાલુકાના બોલાડી ખાતે કિશોરીઓ માટે યોજાયેલા સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમમાં કિશોરીઓને સ્વચ્છતા અંગે સમજણ આપવાની સાથે વિવિધ સરકારી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત , ભુજ તાલુકાના માનકુવા ખાતે પણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## પોલીસ-શુટિંગ વોલીબોલ સ્પર્ધા:

**પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા ભુજ ખાતે પોલીસ પ્રજા સમન્વય શૂટિંગ વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ હતી.પોલીસ હેડક્વાટર ખાતે યોજાયેલી આ ટુર્નામેન્ટમાં ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં 'નો ફાઉલ' ટીમ વિજેતા રહી હતી.**

**આ પ્રસંગે પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા સહિતના અધિકારી , કર્મચારીઓ અને સામાન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.**

---------------------------------------------------------------------------------------------------

## આયુર્વેદ કેમ્પ:

**નેશનલ આયુષ મિશન અંતર્ગત સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ ખાતે ડાયાબીટીસ નિદાન-સારવાર-સલાહ કેમ્પ તેમજ વરિષ્ઠ નાગરિક સંભાળ કેમ્પ આવતીકાલે યોજાશે.**

**જેમાં ડાયાબિટીસની મફત આયુર્વેદિક હોમિયોપેથીક ઔષધીય સારવાર , દર્દીઓ માટે રોજિંદી જીવન પદ્ધતિ તેમજ આહાર-વિહાર અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. સાથે એક્સ-રે તપાસ , ૧૦ દસ દિવસથી વધુ ખાસી શ્વાસના દર્દીઓની તપાસ , બ્લડ સુગર ચેકઅપ , વગેરે સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવશે. આ કેમ્પ સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ-કચ્છ ખાતે યોજાશે તેવું સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજની યાદીમાં જણાવાયું છે.**

---

## લખપત યુવાનનું ડૂબી જવાથી મોત:

લખપત તાલુકાના સાન્ધ્રો ખાતે આવેલા ડેમમાં ડૂબી જવાના કારણે 17 વર્ષિય યુવાનનું મોત થયું છે. હતભાગીના દેહને પોસ્ટ મોર્ટમ માટે દયાપર સરકારી દવાખાને લઇ જવામાં આવ્યો હતો. આ બનાવને પગલે વિસ્તારમાં અરેરાટી ફેલાઇ જવા પામી હતી. નારાયણ સરોવર પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

---

## આઈપીએલ:

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે લખનઉ સુપર જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મૅચ રમાશે. લખનઉના એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાનારી આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. હાલમાં બંને ટીમના બે-બે પૉઈન્ટ છે. ટુર્નામેન્ટમાં લખનઉ ત્રીજા અને પંજાબ પાંચમા સ્થાને છે.

---

## હવામાન:

કચ્છમાં ચૈત્ર માસના આરંભે વિષમ વાતાવરણની સ્થિતિ જોવા મળી રહી છે. દિવસ અને રાત્રિના તાપમાનમાં 18થી 26 ડિગ્રી જેટલો મોટો તફાવત નોંધાયો છે. આ વિષમ વાતાવરણની અસર લોકોના સ્વાસ્થ્ય પર જોવા મળી રહી છે. શરદી-ઉધરસના કેસોમાં વધારો થયો છે. સાથે જ પેટને લગતી ઋતુજન્ય બીમારીઓમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

---